# યમુના જળમાં કેસર ઘોળી , સ્નાન કરાવું શામળા. ભજન ગીત

યમુના જળમાં કેસર ઘોળી , સ્નાન કરાવું શામળા.

હલકે હાથે અંગો ચોળી , લાડ લડાવું શામળા. યમુના જળમાં.....

વસ્ત્રે અંગો લૂછી આપું , પીળું પીતાંબર પ્યારમાં.

તેલ સુગંધી નાખી આપું , વાંકડિયા તુજ વાળમાં. યમુના જળમાં.....

કુમકુમ કેસર તિલક લગાવું , ત્રિકમ તારા ભાલમાં.

અલબેલી આંખોમાં આંજુ , અંજન મારા વા'લમા. યમુના જળમાં.....

હસતી જાઉં વાતે વાતે , નાચી ઊઠું તાલમાં.

નજર ન લાગે શ્યામસુંદરને , ટપકાં કરી દઉં ગાલમાં. યમુના જળમાં.....

પગમાં ઝાંઝર છુમ છુમ વાગે , કરમાં કંકણ વા'લમા.

કાનોમાં કુંડળ કંઠે માળા , ચોરે ચીતડું ધ્યાનમાં. યમુના જળમાં.....

GUJJUMEDIA.COM

મોર મુગટ માથે પહેરાવું , મોરલી આપું હાથમાં.

કૃષ્ણ કૃપાળુ નીરખી શોભા , વારી જાઉં તારા વ્હાલમાં. યમુના જળમાં.....

GUJJUMEDIA.COM